# સુરતના પાંચમા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ, ની કોર્ટમાં

**ફો. કેસ નં.૫૨૧૧૫/૨૦૨૩**
આંક–

## :: ચુકાદો ::

૧. આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ ચાર્જશીટના કોલમ નં. ૫ મુજબનો ગુન્હો કરેલ હોવાથી આરોપી સામે ઈ.પી.કો. કલમ ૨૭૯ તેમજ મોટર વ્હીકલ એક્ટની કલમો ૧૮૪ અને ૧૭૭ મુજબનો ગુન્હા માટે પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. ચાર્જશીટના આધારે આ કામના આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપસની નકલ પુરી પાડવામાં આવેલ અને આરોપીઓ સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ ગુન્હો કબુલાત પુરશીશ રજુ કરેલ છે અને તમામ આરોપીઓએ "No claim Pursis" રજુ કરેલ છે. તે ધ્યાને લેતા, તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે, તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તેથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું :

## :હુકમ:

૧. આરોપી ને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ ૨૭૯ તેમજ મોટર વ્હીકલ એક્ટની કલમો ૧૮૪ અને ૧૭૭ ના ગુનામાં દોષીત ઠરાવી **દરેક આરોપીને રૂ.૨૦૦/– (રુપિયા બસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરવવામાં કસુર કરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુધ્દામાલની તમામ રોકડ રકમ સરકારે જમા કરાવવી. મુધ્દામાલ મોબાઈલ કે વાહન અંગે કોઈ માલિક અરજી કરે તો તેના પુરાવાની નકલ કામમાં સામેલ રાખી, તપાસ કરનાર અધિકારીએ મુધ્દામાલ ફોન કે વાહન જે તે માલીકને પરત કરવો. વેલ્યુએબલ મુધ્દામાલ અપીલ સમય વિત્યેથી સરકારમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય મુધ્દામાલનો અપીલ સમય બાદ નીયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૩મી, માહે મે, સને ૨૦૨૩, ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

*સ્થળ : સુરત*
*તારીખ: ૧૩.૦૫.૨૦૨૩*

*આકાર લલિતકુમાર ત્રિવેદી*
*પાંચમા જ્યુડી.મેજી., ફ.ક., સુરત*
*(કોડ નં.જી.જે.૦૧૫૫૭)*